**પ્રધાનમંત્રી ઘાનાની રાજકીય યાત્રાએ પહોંચ્યા (02 જુલાઈ, 2025)**

02 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે ઘાનાની રાજકીય યાત્રાએ અકરામાં આવ્યા હતા. એક ખાસ સંકેત તરીકે, ઘાનાના રાષ્ટ્રપતિ મહામહિમ જૉન ડ્રામાનીએ પ્રધાનમંત્રીના એરપોર્ટ પર આગમન સમયે વ્યક્તિગત રૂપે સ્વાગત કર્યું અને ભવ્ય ઔપચારિક સ્વાગત સમારંભથી સન્માનિત કર્યા. આ સ્નેહ બે દેશો વચ્ચે મૈત્રીના મજબૂત અને ઐતિહાસિક બંધનને પ્રતિબિંબિત કરે છે.

2. છેલ્લા ત્રણ દાયકામાં કોઈ પ્રધાનમંત્રીની આવી પ્રથમવાર ઘાનાની મુલાકાત છે. આ ઐતિહાસિક મુલાકાત ભારત અને ઘાના વચ્ચે ભાગીદારીને વધુ ગાઢ બનાવશે, અને આફ્રિકા અને વૈશ્વિક દક્ષિણ ભાગીદારો સાથે તેના જોડાણને મજબૂત કરવાની ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

અકરા

02 જુલાઈ, 2025